રાજ્ય સરકારના તમામ વિભાગો હેઠળની કલ્યાણકારી યોજનાઓ માટે જરૂરી આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી ગ્રાહ્ય રાખવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૧૨૦૧૫/૫૦૦૨૭૮/અ
સચિવાલય, ગાંધીનગર.
તા.૭ જુલાઇ, ૨૦૧૫

વંચાણમાં લીધા :-

(૧) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ

(૨) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૭/૮/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ.૧

## પ્રસ્તાવના

ગુજરાત રાજ્ય સરકાર હેઠળના કામકાજના નિયમો-૧૯૯૦ હેઠળ ૨૬ વિભાગો કાર્યરત છે. આ વિભાગો હેઠળ વિવિધ ખાતાના વડાઓ પણ કાર્યરત છે. ઉપરોકત તમામ વિભાગો અને ખાતાના વડાઓ હેઠળ વિવિધ જાતિઓ, વર્ગો, સમૂહો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં હોય છે. આવી કલ્યાણકારી, શૈક્ષણિક, આર્થિક ઉત્કર્ષ વગેરે યોજનાઓના સ્વરૂપને ધ્યાને લઇને જે તે વહીવટી વિભાગ (Administrative Department) અને ખાતાના વડા(Head of Department) યોજનાના લાભાર્થી/અરજદાર/ઉમેદવાર માટે યોજનાના લાભ માટે વાર્ષિક આવક મર્યાદા પણ નક્કી કરતા હોય છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ અનુસૂચિત જાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી અને વિમુક્ત જાતિઓ, લઘુમતિ જાતિઓ, વિકલાંગો, નિરાધારો તેમજ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની અનુસૂચિત જનજાતિઓ માટેની કલ્યાણ યોજનાઓ માટે હાલ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૬૮,૦૦૦/- ની આવક મર્યાદા નક્કી કરેલી છે. જે તે વિભાગ/ખાતા હેઠળ ઉક્ત આવક મર્યાદા સિવાય અન્ય

મર્યાદા પણ હોઇ શકે. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, લઘુમતિઓ વગેરે જુથો માટેની જુદીજુદી કલ્યાણકારી યોજનાઓ માટે વર્ષે અંદાજે ૧,૫૦,૦૦,૦૦૦ જેટલી સંખ્યામાં આવકના પ્રમાણપત્રો રજૂ કરવામાં આવતા હોય છે, તે જ રીતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, કૃષિ અને સહકાર વિભાગ વગેરે મળી ૨૬ વહીવટી વિભાગો હેઠળ હજારો યોજનાઓ માટે એકના એક જ લાભાર્થી/અરજદાર/ઉમેદવારે દરેક યોજના માટે દર વર્ષે નવું વાર્ષિક આવકનું પ્રમાણપત્ર લેવુ પડતું હોય છે, જેનાથી કરોડો અરજદારો/લાભાર્થીઓએ દરેક યોજના માટે એકની એક પ્રક્રિયામાંથી પસાર થવુ પડતું હોવાથી તેમને બિનજરૂરી હાલાકીમાથી પસાર થવુ પડે છે. અને આવકનું પ્રમાણપત્ર આપનાર સક્ષમ સત્તાધિકારીઓ ઉપર પણ બિનજરૂરી કાર્યબોજ વધતો હોય છે. આવી બિનજરૂરી હાડમારી(Hardship) અને વહીવટી બોજમાંથી મુક્તિ માટે આવક્ના પ્રમાણપત્રની સરળીકરણની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર નીચે મુજબ ઠરાવ કરે છે.

## ઠરાવ

૧. ગુજરાત સરકારે બનાવેલ કામકાજના નિયમો-૧૯૯૦ હેઠળના તમામ ૨૬ વિભાગો હેઠળની કોઇ પણ કલ્યાણકારી યોજના માટે નક્કી કરેલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર તે જ વિભાગની કોઇપણ અન્ય યોજના અથવા બીજા કોઇ પણ વિભાગ હેઠળની તેટલી જ વાર્ષિક આવક મર્યાદા કે ઓછી આવક મર્યાદા નિર્ધારીત કરેલી અન્ય યોજના માટે સતત ત્રણ વર્ષ સુધી સ્વીકારવા પાત્ર બનશે. આવી અવધીનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીએ આવકના પ્રમાણપત્રમાં કરવાનો રહેશે.

૨. સરળ સમજૂતી માટે સ્પષ્ટતા કરવાની કે, કોઇ એક યોજના દા.ત. કુંવરબાઇનુ મામેરૂ યોજનાના લાભ માટે કોઇ અરજદારે કઢાવેલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર અન્ય યોજના જેવી કે શિષ્યવૃત્તિની યોજના માટે, મકાન સહાય યોજના માટે કે કોઇ પણ વિભાગ હેઠળની અન્ય કોઇ પણ યોજના માટે ગ્રાહ્ય રાખીને યોજનાકીય લાભ આપનાર સક્ષમ અધિકારીએ સ્વીકારીને લાભ આપવાનો રહેશે.

૩. કોઇ પણ લાભાર્થી અરજદારે કઢાવેલ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર કઢાવ્યાના નાણાકીય વર્ષ સહિત ત્રણ વર્ષ માટે ગ્રાહ્ય રાખવા માટે સંબંધિત અરજદાર મૂળ વાર્ષિક આવકનું પ્રમાણપત્ર પોતાની પાસે રાખી, તેની ખરી/પ્રમાણિત નકલ (True Copy) રજૂ કરી શક્શે.

આવી ખરી/પ્રમાણિત નકલ સક્ષમ અધિકારીએ સ્વીકારવાની રહેશે. સક્ષમ અધિકારી પોતાના સંતોષ ખાતર આવકના પ્રમાણપત્રની મૂળ નકલ જોવા માંગી શકશે.

૪. રાજ્ય સરકારે ઉદારતાથી જાહેર કરેલ આ નીતિનો દુરુપયોગ ન થાય તે માટે કોઇ લાભાર્થી કે અરજદારના કિસ્સામાં એક વખત લીધેલ આવકના પ્રમાણપત્ર પછીના ત્રણ વર્ષના ગાળા દરમિયાન (within three years) તેની આવક પગાર વધારા/ખેતી/વ્યાપાર/ઉદ્યોગની પ્રવૃત્તિને કારણે વધે તો તેની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી જે તે લાભાર્થી/અરજદારની રહેશે. અરજદાર/લાભાર્થીને આપવામાં આવતા આવકના પ્રમાણપત્રમાં આ શરતનો (Proviso) સ્પષ્ટ ઉલ્લેખ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીએ આવકના પ્રમાણપત્રમાં કરવાનો રહેશે. આવા આવક વધારાની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારીમાંથી સંબંધિત લાભાર્થી/અરજદાર ચૂક કે કસૂર કરશે તો તેની સંપુર્ણ કાયદાકીય જવાબદારી અરજદાર/લાભાર્થી/વાલીની રહેશે.

૫. આ ઠરાવ રાજ્ય સરકારના વર્તમાન તમામ ૨૬, અથવા ફેરફારને આધિન તમામ વહીવટી વિભાગો, તે હેઠળ ખાતાના વડાઓ, પંચાયતીરાજ સંસ્થાઓ, બોર્ડ-નિગમો તેમજ સરકારી યોજનાઓનો અમલ કરતી બિનસરકારી સંસ્થાઓ હેઠળની તમામ યોજનાઓને સમાન રૂપે લાગુ પડશે, તેમ ઠરાવવામાં આવે છે, અને તે પ્રમાણે અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગ અને નાણા વિભાગ ની તા.૭/૭/૨૦૧૫ની અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.*
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી(વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર

* તમામ મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,સચિવાલય, ગાંધીનગર
* સચિવાલયના તમામ વહીવટી વિભાગો- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
* માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
* નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
* કમિશ્નરશ્રી, આદીજાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, બિરસા મૂંડા ભવન, ગાંધીનગર.
* તમામ ખાતાના વડાઓ.
* તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
* તમામ જિલ્લા વિકાસ અધિકારીઓશ્રી (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
* તમામ જિલ્લા નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
* કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
* સેક્શન અધિકારીશ્રી જ, ગ, અ.૧, છ, છ.૧ શાખાઓ, સા.ન્યા.અ.વિ., સચિવાલય, ગાંધીનગર.
* શાખા સિલેક્ટ ફાઇલ

--------

* પત્ર દ્વારા.